| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૩/૨૦૧૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૦૩/૨૦૧૬ |
| ફેંસલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૬ ૦૩ ૦૯ |

**મહે. એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૨૭૭૧/૨૦૧૬** | |
| **આંકઃ –** | |

**ફરીયાદી :- શ્રી સરકાર**

**(મુળ ફરીયાદીઃ- સુભાષ મધુસુદન ગાયકવાડ.)**

**-- વિરૂધ્ધ --**

**આરોપી :- સહિદાબાનુ વા/ઓફ ફિરોઝમીયા ચુસુ મીયા શેખ,**

ઉ.વ.આ.૪૨,

રહે.મ.નં.૫૭૩, ૨૭૭/સી/૧/૫૪, ડો.પાસાવાલાની ચાલી, આનંદ કલોથ માર્કેટની પાસે, સારંગપુર બ્રીજ નીચે, અમદાવાદ.

**ગુન્હોઃ- ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીયોલોજીકલ સાઇટ્સ એન્ડ રિમેન્સ(એમેન્ડમેન્ટ એન્ડ વેલીડેશન) એક્ટ-૨૦૧૦ની કલમ-૩૦(બી).**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી એ.એસ.પઠાણ |

**ચુકાદો**

(૧).. આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે,આ કામનાં મુળ ફરિયાદી સુભાષભાઈ મધુસુદન ગાયકવાડનાએ કાલુપુર પોલિસ સ્ટેશનમાં પ્રથમ બાતમી અહેવાલ જાહેર કરી, એવી ફરિયાદ લખાવેલ હતી કે, તેઓ અમદાવાદ ભદ્ર ખાતે આવેલ પુરાતત્વની ઓફીસમાં છેલ્લા બે વર્ષથી સ્મારક પરીચર તરીકે ફરજ બજાવે છે અને તેમની ફરજમાં તેઓના વિભાગે જાહેર કરેલ સંરક્ષીત સ્મારકની દેખરેખ રાખવી તેમજ સાફ સફાઈને લગતી બાબતોનું ધ્યાન રાખવુ તથા તે સંરક્ષીત સ્મારકનાં ૩૦૦ મીટરની અંદર ચારેય તરફ કોઈ મકાન કે દુકાનમાં તેઓના વિભાગની મંજુરી વગર રીપેરીંગ કે નવુ બાંધકામ કરે તો તેની તપાસ કરી જે તે બાંધકામ કરનાર ઈસમે જો પરમીશન લીધેલ ન હોય તો તેઓની કચેરીમાં આ અંગે લેખીતમાં જાણ કરવાની હોય છે અને તેઓની કચેરી તરફથી જ્યારે તેઓને હુકમ કરવામાં આવે ત્યારે આ બાંધકામ કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તેઓની ફરજ હોય છે.

તા.૧૮-૧૧-૨૦૧૫ નાં રોજ ફરીયાદી તથા તેમના સ્ટાફનાં સ્મારક પરીચર શ્રી શંકરભાઈ લક્ષ્મણભાઈ વાઘેલાનાઓ કાલુપુર વિસ્તારમાં તપાસમાં હતા. દરમ્યાન ફરતા ફરતા સારંગપુર દરવાજા પાસે આવતા સારંગપુર દરવાજાથી આશરે ૨૦૦ મીટરનાં અંતરે આવેલ ગોમતીપુર પુલનાં નીચે ટાઈમ ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલીક એટલે કે આ કામનાં આરોપી સહિદાબાનુનાઓએ તેઓની દુકાનનાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ધાબા ઉપર આર.સી.સી. ભરી પાયાથી ફરીથી નવુ બિલ્ડીંગ બનાવવાનુ કામકાજ શરૂ કરેલ હતુ, જેથી ફરીયાદીએ આરોપીને આ

બાબતે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ખાતાની કોઇ મંજુરી મેળવેલ છે કે કેમ ? તેનો આધાર પુરાવો માંગતા પોતે કોઇ પણ જાતની પરવાનગી મેળવેલ નહી હોવાનુ જણાવેલ. જેથી ફરીયાદીએ તે સ્થળનાં જરૂરી ફોટોગ્રાફ્સ મેળવી તેઓની કચેરીનાં વરીષ્ઠ સંરક્ષણ સહાયક સાહેબનાઓને આ બાબતે લેખીતમાં જાણ કરેલ. જેથી ફરીયાદીની અમદાવાદ ખાતેની કચેરી તરફથી આરોપીનાઓને તા.૧૯–૧૧–૨૦૧૫ નાં રોજ નોટીસ પાઠવી બાંધકામ બંધ કરી તેઓની કચેરીની પરવાનગી મેળવ્યા બાદ બાંધકામ કરવા જાણ કરેલ તેમ છતા આરોપીનાઓએ નોટીસ મળ્યા બાદ પણ તેમની દુકાને ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખેલ, જેથી ફરીયાદીની કચેરીનાં વરીષ્ઠ સંરક્ષણ સહાયક સાહેબશ્રીએ સદરી બાંધકામ કરનાર ઇસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા કાલુપુર પોલીસ સ્ટેશનમાં તા.૦૮–૧૨–૨૦૧૫ નાં રોજ લેખીતમાં જાણ કરેલ. તે રીતે ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ટ આર્કિયોલોજીકલ સાઇટ્સ એન્ડ રિમેન્સ એક્ટ–૨૦૧૦ ની કલમ–૩૦(બી) મુજબનો ગુન્હો કરેલ છે. આ પ્રથમ બાતમી અહેવાલ અન્વયે પોલિસ દ્વારા એફ.આઇ.આર. રજીસ્ટરે લઇ તપાસ કરવામાં આવેલ અને તપાસ દરમ્યાન પુરાવો મળતા આરોપી વિરૂધ્ધ સી.આર. પી.સી. કલમ–૧૭૩ અન્વયે ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ટ આર્કિયોલોજીકલ સાઇટ્સ એન્ડ રિમેન્સ એક્ટ–૨૦૧૦ ની કલમ–૩૦(બી) મુજબનાં ગુન્હા અંગે ચાર્જશીટ કરવામાં આવેલુ.

**(૨)** અત્રેની કોર્ટ દ્વારા પોલીસ ચાર્જશીટ અન્વયે ગુન્હાનું કોગ્નીઝન્સ લઇ આરોપીને તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. નકલ મળી ગયાની ખાતરી કરી ગુન્હા અંગેનું તહોમત સંભળાવી આંક–૦૨ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનુ જણાવતા ટ્રાયલ આગળ

ચલાવવામાં આવેલી.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

## ફરીયાદપક્ષનો મૌખિક પુરાવોઃ-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ રમણભાઈ પુંજાભાઈ વાઘેલાની સોગંદ પર જુબાની | ૦૪ |
| ૨. | ત.ક.અ. ધનંજય ભાસ્કરરાયની સોગંદ પર જુબાની | ૦૬ |

## ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૦૫ |
| ૨. | અસલ ફરીયાદ | ૦૭ |
| ૩. | તપાસનો હુકમ | ૦૮ |
| ૪. | ગેરકાયદેસર બાંધકામ અંગે આરોપી વિરૂધ્ધ પોલીસને ફરીયાદ લેવાનો પત્ર | ૦૯ |

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે માર્ક-૬/૧ થી માર્ક-૮/૩ સુધી દસ્તાવેજો રજુ કરેલ છે, પરંતુ પુરાવાનાં કાયદા મુજબ રજુ થયેલ ન હોય, જેથી આંક આપવામાં આવેલ નથી. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઈન્કાર કરેલ છે, ફરીયાદી દ્વારા તેઓ સામે ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોવાનુ અને પોતે નિર્દોષ હોવાનુ, મિલકત આરોપીની

હોવા અંગે કોઇ પુરાવો ન હોવાનુ તેમજ પોલિસ કાર્યવાહી ક્યારે થઇ તેની જાણ ન હોવાનુ તેમજ પોતાને બચાવપક્ષનાં સાક્ષી તપાસવા નથી, જાતે જુબાની આપવી નથી તથા કોઇ પુરાવો આપવો નથી તેમ જણાવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદી અવસાન પામેલ છે, પરંતુ તપાસ કરનાર અધિકારીની જુબાનીમાં અસલ ફરીયાદ રજુ થયેલ છે અને તેની રૂબરૂ ફરીયાદ આપવામાં આવેલ છે. બાંધકામવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ હોસ્ટાઇલ છે, પરંતુ આરોપીએ બાંધકામ કરાવેલ છે તે પુરવાર થાય છે, મંજુરી લીધેલ નથી તેવુ પુરવાર થાય છે, જેથી આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે.

આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલીલ કરી એવુ જણાવેલ છે કે, જે પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તે પંચનામાથી સંપુર્ણ અલગ હકીકત જણાવે છે. બાંધકામ થતુ હોય તો તેનો કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદપક્ષ તરફે બાંધકામવાળી જગ્યા ૩૦૦ મિટરનાં એરીયામાં આવતી હોય તેવી કોઇ માપણી કરવામાં આવેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ પુરવાર થતા નથી. આરોપી બાંધકામ કરતા હોય અને કોઇએ જોયેલ હોય તેવો કોઇ સીધો પુરાવો નથી. બાંધકામવાળી જગ્યા આરોપીની માલિકીની હોય તેવો પણ કોઇ પુરાવો નથી. આ કામે ફરીયાદ હકીકત મુજબની બાબતો સાબિત થતી નથી કારણ કે મુળ ફરીયાદી અવસાન પામેલ છે. તપાસ કરનાર અધિકારીની જુબાનીમાં આંક-૦૭ થી ફરીયાદ રજુ થયેલ છે પરંતુ તેની હકીકત સાબીત થતી નથી. ફરીયાદ પક્ષે રજુ થયેલ આંક-૦૮ તથા આંક-૦૯ મુજબનાં દસ્તાવેજો પુરાવામાં રજુ કરેલ છે, પરંતુ કાયદાની જોગવાઇ મુજબ તે

તૈયાર કરનાર કે તેમા સહિ કરનારને તપાસવામાં આવેલ નથી. બાંધકામવાળી જગ્યા સંરક્ષીત સ્મારકથી ૩૦૦ મીટરનાં વિસ્તારમાં હોય તેવુ પુરવાર થતુ નથી. જેથી આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. ગુન્હો કોગ્નીજેબલ નથી એટલે કે સી.આર.પી.સી. કલમ–૧૫૫(૨) નો બાધ નડે છે. આરોપી દ્વારા સંરક્ષીત સ્મારક સાથે છેડછાડ કરેલ હોય તેવો આરોપી નથી. આરોપી દ્વારા બાંધકામ કરેલ હોય તેવો પુરાવો નથી. સંરક્ષીત સ્મારકથી નિયત વિસ્તારમાં આ બાંધકામવાળી મિલકત હોય તેવુ સાબિત થતુ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૬) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

## //મુદ્દા//

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર એ હકીકત સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ સંરક્ષીત "સારંગપુર દરવાજા"નાં ૨૦૦ મિટર વિસ્તારમાં પોતાની માલિકીની મિલકતમાં ભારતીય પુરાતત્વ ખાતાની મંજુર મેળવ્યા વગર બાંધકામ કરી ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ટ આર્કિયોલોજીકલ સાઇટ્સ એન્ડ રિમેન્સ એક્ટ–૨૦૧૦ ની કલમ–૩૦(બી)મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ.

## **// કારણો //**

(૮) **મુદ્દા નં.૧**

(૮.૧) આ કામનાં ફરીયાદપક્ષનાં કેસની આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે,તા.૧૮-૧૧-૨૦૧૫ નાં રોજ ફરીયાદી તથા તેમના સ્ટાફનાં સ્મારક પરીચર શ્રી શંકરભાઈ લક્ષ્મણભાઈ વાઘેલાનાઓ કાલુપુર વિસ્તારમાં તપાસમાં હતા. દરમ્યાન ફરતા ફરતા સારંગપુર દરવાજા પાસે આવતા સારંગપુર દરવાજાથી આશરે ૨૦૦ મીટરનાં અંતરે આવેલ ગોમતીપુર પુલનાં નીચે ટાઈમ ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલીક એટલે કે આ કામનાં આરોપી સહિદાબાનુનાઓએ તેઓની દુકાનનાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ધાબા ઉપર આર.સી.સી. ભરી પાયાથી ફરીથી નવુ બિલ્ડીંગ બનાવવાનુ કામકાજ શરૂ કરેલ હતુ, જેથી ફરીયાદીએ આરોપીને આ બાબતે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ખાતાની કોઈ મંજુરી મેળવેલ છે કે કેમ ? તેનો આધાર પુરાવો માંગતા પોતે કોઈ પણ જાતની પરવાનગી મેળવેલ નહી હોવાનુ જણાવેલ. જેથી ફરીયાદીએ તે સ્થળનાં જરૂરી ફોટોગ્રાફ્સ મેળવી તેઓની કચેરીનાં વરીષ્ઠ સંરક્ષણ સહાયક સાહેબનાઓને આ બાબતે લેખીતમાં જાણ કરેલ. જેથી ફરીયાદીની અમદાવાદ ખાતેની કચેરી તરફથી આરોપીનાઓને તા.૧૯-૧૧-૨૦૧૫ નાં રોજ નોટીસ પાઠવી બાંધકામ બંધ કરી તેઓની કચેરીની પરવાનગી મેળવ્યા બાદ બાંધકામ કરવા જાણ કરેલ તેમ છતા આરોપીનાઓએ નોટીસ મળ્યા બાદ પણ તેમની દુકાને ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખેલ, જેથી ફરીયાદીની કચેરીનાં વરીષ્ઠ સંરક્ષણ સહાયક સાહેબશ્રીએ સદરી બાંધકામ કરનાર ઈસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા કાલુપુર પોલીસ સ્ટેશનમાં તા.૦૮-૧૨-૨૦૧૫ નાં રોજ લેખીતમાં જાણ કરેલ. તે રીતે ધી

એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ટ આર્કિયોલોજીકલ સાઇટ્સ એન્ડ રિમેન્સ એક્ટ–૨૦૧૦ ની કલમ–૩૦(બી) મુજબનો ગુન્હો કરેલ છે.

**(૮.૨)** ઉપરોક્ત હકીકત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે આંક–૦૪ થી પંચસાહેદ રમણભાઇ પુંજાભાઇ વાઘેલાને તપાસેલ છે. જેઓ ફરિયાદ પક્ષનાં કેસ મુજબ બાંધકામવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ છે અને તે પંચનામુ આંક–૦૫ થી રજુ થયેલ છે, તેઓ પણ આ આંક–૦૫ વાળા પંચનામાનાં પંચ સાહેદ છે. આ પંચસાહેદ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી અને એવુ જણાવેલ છે કે, કઇ બાબતનું પંચનામુ હતુ તેની ખબર નથી એટલે કે પંચનામા હકીકતને સમર્થન કરેલ નથી.

**(૮.૩)** ફરીયાદપક્ષે આંક–૦૬ થી ત.ક.અ. ધનંજય ભાસ્કર રાવને તપાસેલ છે અને તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,તા.૦૮–૦૨–૨૦૧૬ નાં રોજ તેઓ કાલુપુર પો.સ્ટે.માં પી.આઇ. સાહેબનાં રાઇટર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તેમની ફરજ પર હાજર હતા ત્યારે પુરાતત્વ ખાતાનાં વિભાગનાં સુભાષભાઇ મધુસુદન ગાયકવાડ તેઓની સમક્ષ આવી ફરીયાદ હકીકત લખાવેલી કે," સારંગપુર દરવાજા નજીક ૨૦૦ મીટરનાં અંતરમાં સારગંપુર બ્રીજ નીચે ટાઇમ ટ્રાન્સપોર્ટ નામની દુકાનમાં પુરાતત્વ વિભાગની મંજુરી મેળવ્યા વગર ગેરકાયદેસર બાંધકામ કરેલ છે, તે બાબતે નોટીસ આપી પરવાનગી મેળવવા જણાવેલ તેમ છતાં કામ ચાલુ રાખેલ, જેથી ટાઇમ ટ્રાન્સપોર્ટનાં માલિક વિરૂધ્ધમાં એન્સીએન્ટ મોન્યુમેન્ટ એક્ટ કલમ–૩૦ બી મુજબ ફરીયાદ આપેલી," જે અસલ ફરીયાદ તેઓને બતાવતા તેમાં તેમની રૂબરૂની ફરીયાદી સુભાષભાઇ ગાયકવાડની સહી ઓળખી બતાવી આંક–૦૭ થી પુરાવામાં રજુ કરેલ છે. તેઓએ ફરીયાદીની ફરીયાદ લીધા બાદ પી.એસ.ઓ. કાલુપુરને ફરીયાદ રજીસ્ટર થવા સારૂ રીપોર્ટ કરતા

પી.એસ.ઓ.શ્રીએ કાલુપુર પો.સ્ટે.સેકન્ડ ગુન્હા રજી.નં.૩૦૩૯/૧૬, ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એક્ટ–૨૦૧૦ ની કલમ–૩૦ બી મુજબ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓ તરફ મોકલી આપેલ, જે રીપોર્ટ તેઓને બતાવતા, તેમા પોતાની તથા પી.એસ.ઓ.ની સહી ઓળખી બતાવી આંક–૦૮ થી પુરાવામાં રજુ કરેલ છે. તેઓએ તપાસ સંભાળી લીધા બાદ પુરાતત્વ વિભાગનાં કર્મચારીને આ બાબતે પુછપરછ કરતા ફરીયાદ હકીકતને સમર્થન આપતા તેઓનુ વિગતવારનું નિવેદન લીધેલ, તે નિવેદન તેઓએ શંકરભાઇનું લીધેલ. શંકરભાઇએ તેમના રૂબરૂનાં નિવેદનમાં જણાવેલ કે," સારંગપુર બ્રિજ નીચે ટાઇમ ટ્રાન્સપોર્ટ નામની દુકાનનાં માલિકે અમારી વિભાગની મંજુરી મેળવ્યા વગર તેમની દુકાનમાં ગેરકાયેસર બાંધકામ કરેલ છે.". ત્યારબાદ તેઓ ગુન્હાવાળી જગ્યાએ ગયેલા અને ત્યાં આગળ પંચ તરીકે રમણભાઇ તથા બીજા એક પંચની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. જો પંચ એવુ કહેતા હોય કે ગુન્હાવાળી જગ્યાએ તેઓને બોલાવેલ નથી અને તૈયાર પંચનામામાં પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી તે તે વાત ખોટી છે. આ સિવાય તેઓએ બીજા કોઇ સાહેદોનાં નિવેદન લીધેલ નથી. આ કામે ફરીયાદી સુભાષભાઇએ તેમની સમક્ષ ફોટાગ્રાફ તથા નોટીસ વિગેરે કાગળો રજુ કરેલા. તેઓને તા.૦૮–૧૨–૨૦૧૫ નો કાલુપુર પો.સ્ટે.ને સંબોધીને વરીષ્ઠ સંરક્ષણ સહાયક તરીકે ફરીયાદ દાખલ કરવા હિન્દીમાં લખાણ કરેલ તે અરજી તપાસમાં મળેલી, જે તેઓ ઓળખી બતાવી આંક–૦૯ થી પુરાવામાં રજુ કરેલ છે. તા.૧૯–૧૧–૨૦૧૫ નાં રોજ વરીષ્ઠ સંરક્ષણ સહાયક તરફથી ટાઇમ ટ્રાન્સપોર્ટનાં માલિક ફિરોજભાઇને નોટીસ આપવામાં આવેલી, જે નોટીસની ઝેરોક્ષ નકલ તથા એકનોલેજમેન્ટ તથા સ્થળ સ્થિતિનો રીપોર્ટ અને ફોટોગ્રાફની ઝેરોક્ષ નકલ તેઓને બતાવતા તે ફરીયાદીએ તેમની સમક્ષ રજુ કરેલ.ત્યારબાદ આરોપી

સામે પુરતા પુરાવા મળી આવતા મોન્યુમેન્ટ એક્ટની કલમ–૩૦ બી મુજબ ચાર્જશીટ કરેલુ.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવુ પણ જણાવે છે કે, તેઓ કાલુપુર પોલીસ સ્ટેશનમાં પાંચ–છ વર્ષથી નોકરી કરે છે. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, પો.સ્ટે.નાં ભૌગોલિક વિસ્તારને સારી રીતે જાણે છે, બનાવવાળી જગ્યાની બંને બાજુ બહુ બધી દુકાનો અને મકાનો છે, બનાવ અંગે કોઇ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી, આજુબાજુનાં સ્થાનિક વ્યકિતનાં નિવેદન લીધેલ નથી, સારંગપુર દરવાજાથી બનાવવાળી જગ્યાની માપણી અંગે કાંઇ કાર્યવાહી કરેલ નથી, તેઓએ પુરાતત્વ ખાતા તરફથી આપેલા ફોટો ક્યા સ્ટુડીયોનાં છે તેના કોઇ નિવેદન લીધેલ નથી કે બીલ મેળવેલ નથ, પંચો પુરાતત્વ ખાતાનાં જ હતા, ફરીયાદી પંચો તથા સાહેદ પુરાતત્વ ખાતાનાં હતા, ફરીયાદી પંચો તથા સાહેદ પુરાતત્વ ખાતાનાં જ હતા, ફરીયાદી પંચો તથા સાહેદ પુરાતત્વ ખાતાનાં હતા. એ વાત ખરી ન હોવાનુ જણાવે છે કે, તેઓ સ્થળ પર ગયેલ નથી કે આવુ કોઇ બાંધકામ થયેલ નથી કે પુરાતત્વ ખાતામાંથી ફરીયાદ મળેલ હોય તેના સમર્થનમાં ખોટી તપાસ કરેલ છે.

આમ,આ સાહેદની જુબાની જોઇએ તો તેની રૂબરૂ ગુજરનાર સુભાષ ગાયકવાડનાએ આંક–૦૭ ની ફરીયાદ આપ્યાનું પુરવાર થાય છે, પરંતુ આ કામનાં આરોપી બાંધકામ કરતા હોય તેવુ પુરવાર થતુ નથી એટલુ જ નહી આરોપીની મિલકત સારંગપુર દરવાજાથી ૩૦૦ મિટરનાં વિસ્તારમાં આવતી હોય તેવુ પણ પુરવાર થતુ નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા તેની તપાસ દરમ્યાન બાંધકામવાળુ મિલકત અને સારંગપુર દરવાજા વચ્ચે કેટલુ અંતર છે ? તેની માપણી કરેલ હોય તેવુ જણાવતા નથી તેમજ ૩૦૦ મિટરનાં વિસ્તારમાં આવે છે

તેવુ પણ જણાવતા નથી. સારંગપુર દરવાજાથી ૩૦૦ મિટરનાં વિસ્તાર અંગે કોઇ ચિન્હો મુકેલા હોય તેવુ પણ તેનુ કહેવુ નથી. આરોપીએ ક્યારે બાંધકામ કરેલ છે અને કેવુ બાંધકામ કરેલ છે તેનો પણ કોઇ પુરાવો નથી. આ સાહેદની જુબાનીમાં આંક–૦૭ થી ફરીયાદી સુભાષ મધુસુદન ગાયકવાડે આપેલ અસલ ફરીયાદ રજુ થયેલ છે, પરંતુ તેમા પણ માત્ર ફરીયાદીની સહિ સિવાય બીજી કોઇ હકીકત પુરવાર થતી નથી કારણ કે તેમા લખેલ હકીકતને આ સાહેદ સમર્થન કરતા નથી. તપાસ કરનારની જુબાનીમાં આંક–૦૯ થી વરીષ્ઠ સંરક્ષણ સહાયકે કાલુપુર પોલીસને લખેલ ફરીયાદ રજુ થયેલ છે, પરંતુ તે પત્ર લખનારને તપાસવામાં આવેલ નથી અને હાલનાં તપાસ કરનારે રીસીવ્ડ કરેલ નથી. જેથી તે દસ્તાવેજો પુરવાર થતા નથી. આથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષનાં કેસને મહત્વની બાબતોએ સમર્થન કરતો નથી.

(૮.૪) આ કામે રજુ થયેલ આંક-૦૭ ની ફરીયાદમાં એવુ જણાવવામાં આવેલ છે કે, સારંગપુર દરવાજાથી ૨૦૦ મિટરનાં વિસ્તારમાં આરોપી દ્વારા પુરાતત્વ ખાતાની મંજુરી વગર બાંધકામ કરી તેમજ પુરાતત્વ ખાતાએ આપેલ નોટીસની અવગણનાં કરી બાંધકામ કરી ગુન્હો કરેલ છે. આ કામનાં ફરીયાદી અવસાન પામેલ હોય, જેથી તેઓને ફરીયાદપક્ષે તપાસેલ નથી. ખરેખર તો આંક-૦૯ થી રજુ થયેલ ફરીયાદ કે જે વરિષ્ઠ સંરક્ષણ સહાયક-અમદાવાદનાએ કાલુપુર પોલીસને લખીને જાણ કરેલ તે સમયની દ્રષ્ટીએ પ્રથમ એફ.આઇ.આર. કહેવાય. આરોપી સામેનો ગુન્હો કોગ્ની જેબલ છે કે કેમ ? તે અંગે જોઇએ તો...

(૯) ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીયોલોજીકલ સાઇટ્સ એન્ડ રીમેન્સ એક્ટ–૧૯૫૮ ની કલમ–૨(એચ, એ) માં પ્રોહિબીટેડ એરિયા, (આઇ) માં પ્રોટેક્ટેડ એરિયા, (એલ) માં રેગ્યુલેટેડ એરિયાની વ્યાખ્યા આપવામાં આવેલ છે.

તે મુજબ કલમ–૨૦(એ) ની જોગવાઇ મુજ પ્રોટેક્ટેડ એરિયાથી ૧૦૦ મિટરનો ફરતો વિસ્તાર પ્રોહિબીટેડ એરિયા ગણાય તેમજ કલમ–૨૦(બી) ની જોગવાઇ મુજબ પ્રોહિબીટેડ એરિયાની શરૂઆતથી ૨૦૦ મિટર સુધીનો વિસ્તાર રેગ્યુલેટેડ એરિયા ગણાય તેમજ કલમ–૨૦(એ)(૨) ની જોગવાઇ મુજબ પ્રોહિબીટેડ એરિયામાં આર્કીયોલોજીકલ ઓફિસર સિવાય અન્ય કોઈ વ્યકિત બાંધકામ કરી શકે નહિ. કલમ–૨૦(સી) ની જોગવાઇ મુજબ પ્રોહિબીટેડ એરિયામાં રિપેરીંગ કે રિનોવેશન કરવા માટે અથવા રેગ્યુલેટેડ એરિયામાં રિકન્સ્ટ્રકશન, રિપેરીંગ કે રિનોવેશન કરવા માટે પરવાનગી અરજી કરવી જોઇએ અને તે પરવાનગી મળ્યા બાદ જ આગળ કાર્યવાહી કરી શકે. જો તેવી કોઈ પરવાનગી મેળવવામાં આવેલ ન હોય, તો આ કાયદાની કલમ–૩૦(એ) અને ૩૦(બી) ની જોગવાઇ મુજબ સજાને પાત્ર ઠરે, જે નીચે મુજબ છે.

**Section 30A. Punishment for construction, etc., in prohibited area :**

Whoever raises, on and after the date on which the Ancient Monuments and Archaeological Sites and Remains (Amendment and Validation) Bill, 2010, receives the assent of the President, any construction in the prohibited area, shall be punishable with imprisonment not exceeding two years or with fine which may extend to one lakh rupees or with both.

**Section 30B. Punishment for construction, etc., in regulated area :**

Whoever raises, on and after the date on which the Ancient

Monuments and Archaeological Sites and Remains (Amendment and Validation) Bill, 2010, receives the assent of the President, any construction in the regulated area without the previous permission of the competent authority or in contravention of the permission granted by the competent authority, shall be punishable with imprisonment not exceeding two years or with fine which may extend to one lakh rupees or with both.

**(૧૦)** આ કાયદાની કલમ–૩૨ થી તેમા દર્શાવ્યા મુજબનાં ગુના કોગ્નીઝેબલ હોવાનુ ઠરાવેલ છે. જે જોગવાઇ નીચે મુજબ છે.

**Section 32. Certain offences to be cognizable**

Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1898 (5 of 1898), an offence under clause (i) or clause (iii) of sub-section (1) of section 30, shall be deemed to be a cognizable offence within the meaning of that Code.

**(૧૧)** ઉપરોક્ત કલમમાં દર્શાવેલ કલમ–૩૦(૧)(i)(iii) ની જોગવાઇ નીચે મુજબ છે.

**Section 30 Penalties**

(1) Whoever-

(i) destroys, remove, injures, alters, defaces, imperil or misuses a protected monument, or

(ii) being the owner or occupier of a protected monument, contravenes an order made under sub-section (1) of section 9 or under sub-section (1) of section 10, or

(iii) removes from a protected monument any sculpture carving,

image, bas-relief, inscription, or other like object, or

(iv) does any act in contravention of sub-section (1) of section 19.

shall be punishable with imprisonment which may extend to three shall be punishable with imprisonment which may extend to three months, or with fine which may extend to five thousand rupees, or with both.

(2) Any person who moves any antiquity in contravention of a notification issued under sub-section (1) of section 25 shall be punishable with fine which may extend to five thousand rupees; and the court convicting a person of any such contravention may be order direct such person to restore the antiquity to the place from which it was moved.

**(૧૨)** હાલનાં આરોપી સામેનો કેસ જોઇએ, તો તેણે કલમ–૩૦(૧)(i)(iii) મુજબ ગુનો કર્યા અંગેનુ તહોમત નથી. પરંતુ આ કામનાં આરોપીએ કલમ–૩૦(બી) મુજબનાં ગુના કર્યા અંગેનું તહોમત છે.

**(૧૩)** કલમ–૩૦(બી)ની જોગવાઇ મુજબ બે વર્ષ સુધીની કેદ અથવા એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને, તેમ છે તથા કલમ–૩૨ ની જોગવાઇ મુજબ તે ગુનો કોગ્નીઝેબલ નથી. એટલે કે, આરોપી સામેનો ગુનો નોન કોગ્નીઝેબલ છે. સી.આર.પી.સી. શિડ્યુલ–૨ ની જોગવાઇ ધ્યાને લઇએ, તો તે મુજબ પણ આઇ.પી.સી. સિવાયનાં અન્ય કોઇ કાયદા તળેનો ગુનો ત્રણ વર્ષથી ઓછી મુદતની કેદની સજા અથવા દંડને પાત્ર હોય, તો નોન કોગ્નીઝેબલ છે. એટલે કે, હાલનાં આરોપી સામેનાં તહોમત મુજબનો ગુનો આ કાયદા તથા સી.આર.પી.સી. બંનેની જોગવાઇ ધ્યાને લેતા, નોન કોગ્નીઝેબલ છે, તે સંજોગોમાં આરોપી તરફેની

દલીલ મુજબ સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨) લાગુ પડે, જે નીચે મુજબ છે.

**Section 155. Information as to non-cognizable cases and investigation of such cases**

(1) When information is given to an officer in charge of a police station of the commission within the limits of such station of a non-cognizable offence, he shall enter or cause to be entered the substance of the information in a book to be kept by such officer in such form as the State Government may prescribe in this behalf, and refer the informant to the Magistrate.

**(2) No police officer shall investigate a non-cognizable case without the order of a Magistrate having power to try such case or commit the case for trial.**

(3) Any police officer receiving such order may exercise the same powers in respect of the investigation (except the power to arrest without warrant) as an officer in charge of a police station may exercise in a cognizable case.

(4) Where a case relates to two or more offences of which at least one is cognizable, the case shall be deemed to be a cognizable case, not-withstanding that the other offences are non-cognizable.

**(૧૪)** ઉપરોક્ત જોગવાઈ મુજબ નોન કોગ્નીઝેબલ ગુનામાં પોલિસ દ્વારા મેજીસ્ટ્રેટનાં હુકમ વિના ઈન્વેસ્ટીગેશન કરવા સામે બાધ છે. એટલે કે, તેવા ગુનાની પોલિસ કોર્ટનાં હુકમ વિના તપાસ જાતે કરી શકે નહિ. આ સંજોગોમાં જો કોર્ટનો

હુકમ મેળવેલ ન હોય કે પરવાનગી મેળવેલ ન હોય, તો પોલીસ દ્વારા ચાર્જશીટ પણ થઇ શકે નહિ. જે અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા નામદાર અન્ય હાઇકોર્ટનાં ચુકાદાઓનાં મહત્વનાં તારણો નીચે મુજબ છે.

**-Siddanagouda v. State of Karnataka**

**1998 CRI. L. J. 2162 (kant)**

5. Therefore, the material point that calls for determination is whether the investigation so done by the police is valid and if not, what order?

6. The Supreme Court in Mrs. Rupan Deol Bajaj v. Kanwar Pal Singh Gill, ILR 1996 Karnataka 344 : (1996 Cri LJ 381) has detailed the circumstances justifying quashing of the investigation by the police into any crime. One of the material circumstances is spelt out as circumstance No. 4 at para 8 of its order. It is as follows :

"(4) Where, the allegations in the FIR do not constitute a cognizable offence but constitute only a non-cognizable offence, no investigation is permitted by a police officer without an order of a Magistrate as contemplated under Section 155(2) of the Code."

The same proposition is reiterated in a subsequent decision in Keshaw Lal Thakur v. State of Bihar, 1996 (4) Crimes 121 (SC). This Court while dealing with a similar situation in Sudarshan Manchanda v. State of Karnataka, 1979 (2) Kar LJ 449 has held :

"Investigations which started without requisite sanction or order of the jurisdictional Magistrate, as contemplated under Section 155(2), Cr.P.C. would not be validated by an order of the Magistrate, obtained subsequently."

7.Therefore, in the light of the aforementioned pronouncements, the investigation in the instant case i.e. Crime No. 191/94 of Bijapur Rural P.S. commenced by the police for the said cognizable offences was without jurisdiction. The subsequent permission of the competent Magistrate obtained by the I.O. on 22-11-1994 does not validate the illegal investigation that was carried out by him. Therefore, the criminal proceeding initiated by the respondent police in the said crime No. 191/94 is liable to be quashed.

**-Md. Makfur Rahman v. Md. Kajimul Hussain Baruah**
**2007 CRI. L. J. 1536 (gauhati)**

7. From a careful reading of the provisions contained in Section 155, it becomes transparent that when an information is given to an Officer-in-Charge of a police station as regards the commission of a non-cognizable offence, his duty, under sub-section (1) of Section 155, is to enter or cause, to be entered the substance of such information, in a book,to be maintained as may be prescribed in this behalf and refer the informant to the Magistrate. Sub-section (2) of Section 155 clearly bars police officer from

making any investigation into a cognizable offence without the order of a Magistrate, who has the power to try such a case or commit the case for trial. Section 155(3) also makes it clear that when ordered by a Magistrate, a police officer will have the same powers as an investigator, which he will have, while conducting an investigation into a cognizable offence. Section 155(4) further clarifies that where a case relates to two or more offences of which at least, one is cognizable, the case shall be deemed to be a cognizable one, notwithstanding the fact that the other offences are non-cognizable.

8. In short, thus, without an order from a Magistrate of competent jurisdiction, no police officer can conduct investigation into an information of a non-cognizanable offence. If any such investigation is carried on, the same would be without jurisdiction and based on the report of such an investigation, no Court can take cognizance of offence. Though Section 2(d), which defines a complaint, includes police report within the meaning of the word "complaint", what needs to be noted is that the police report, so referred to in Section 2(d), means the report, which the police submits on making investigation into a cognizable offence and not a report submitted after investigation into a non-cognizable offence. However, if the information received by the police discloses commission of offences both cognizable as well as non-cognizable, the police officer shall be competent to investigate into such a case as prescribed for investigation of cognizable

offence.

9. What emerges from the above discussion is that without any order from a Magistrate, when a police officer conducts an investigation into a case, which involves commission of non-cognizable offence, and submits, on completion of such an investigation, report, no Magistrate can take cognizance of offence on the basis of such a report. The reference made by Mr. Kataki to the case of Keshav Lal Thakur (supra) is not entirely misplaced. In Keshav Lal Thakur (supra), after conducting investigation into an offence under Section 31 of the Representation of the People Act, 1950, without an order of a competent Magistrate in terms of Section 155(2), the police submitted its report and the Magistrate took cognizance, though the offence under Section 31 of the Representation of the People Act is a non-cognizable offence. This was interfered with by the Apex Court and while so interfering and setting aside the order, the Apex Court held and observed thus : "On the own showing of the police, the offence under Section 31 of the Act is non-cognizable and therefore the police could not have registered a case for such an offence under Section 154, Cr. P. C. Of course, the police is entitled to investigate into a non-cognizable offence pursuant to an order of a competent Magistrate under Section 155(2), Cr. P. C. but, admittedly, no such order was passed in the instant case. That necessarily means, that neither the police could investigate into the offence in question nor submit a report on

which the question of taking cognizance could have arisen. While on this point, it may be mentioned that in view of the Explanation to Section 2(d), Cr. P. C., which defines 'complaint', the police is entitled to submit, after investigation, a report relating to a non-cognizable offence in which case such a report is to be treated as a 'complaint' of the police officer concerned, but that explanation will not be available to the prosecution here as that relates to a case where the police initiates investigation into a cognizable offence - unlike the present one - but ultimately finds that only a non-cognizable offence has been made out."

**-Brij Lal Bhar v. State of U.P. 2006 CRI. L. J. 3334 (All)**

6. To deal with the issue involved it necessary to discuss and consider the provisions of sections 154, 155 and 156 of the Code of Criminal Procedure, 1973 Section 154 Cr.P.C. envisages as:

"154. Information in cognizable cases-(1) Every information relating to the commission of a cognizable offence, if given orally to an officer in charge of a police station, shall be reduced to writing by him or under his direction, and be read over to the informant; and every such information, whether given in writing or reduced to writing as aforesaid, shall be signed by the person given it, and the substance thereof shall be entered in a book to be kept by such officer in such form as the State Government may prescribe in this behalf.

(2) A copy of the information as recorded under sub-section (i) shall be given forthwith, free of cost, to the informant.

(3) Any person aggrieved by a refusal on the part of an officer in charge of a police station to record the information referred to in sub-section (1) may send the substance of such information, in writing and by post, to the Superintendent of Police concerned who, if satisfied that such information discloses the commission of a cognizable offence, shall either investigate the case himself or direct an investigation to be made by any police officer subordinate to him, in the manner provided by this Code, and such officer shall have all the powers of an officer in charge of the police station in relation to that offence.

Section 155 Cr.P.C. envisages as :

"155. Information as to non-cognizable case and investigation of such cases.- (1) When information is given to an officer in charge of a police station of the commission within the limits of such station of a non-cognizable offence, he shall enter or cause to be entered the substance of the information in a book to be kept by such officer in such form as the the State Government may prescribe in this behalf, and refer the informant to the Magistrate.

(2) No police officer shall investigate a non-cognizable case without order of a Magistrate having power to try such case or commit the case for trial.

(3) Any police officer receiving such order may exercise the same powers in respect of the investigation (except the power to arrest without warrant) as an officer in charge of a police station may exercise in a cognizable case.

(4) Where a case relates to two or more offence of which at least one is cognizable, the case shall be deemed to be a cognizable case, notwithstanding that the order offences are non-cognizable.
Section 156 Cr.P.C. envisages as :
156. Police Officer's power to investigate cognizable case.- (1) Any officer in charge of a police station may, without the order of a Magistrate, investigate any cognizable case which a Court having jurisdiction over the local area within the limits of such station would have power to inquire into or try under the provisions of Chapter XIII.

(2) No proceedings of a police officer in any case shall be at any stage be called in question on the ground that the case was one which such officer was not empowered under this section to investigate.

(3) Any Magistrate empowered under section 190 may order such an investigation as above mentioned."

In the light of the above mentioned provisions of the Code of Criminal Procedure 1973, I deal with issue No.1. According to the provisions of section 154 Cr.P.C. an officer in-charge of a police

station, is under obligation to reduce every information relating to commission of the cognizable offence in writing. If any such information is given to the officer in charge of the police station, he is under obligation to register and investigate the same and according to the provisions of section 156(1) Cr.P.C. the officer in-charge of the police station may without the order of a magistrate, investigate any cognizable case,in such situation I am of the view that if any information or material is given to an officer in charge of a police station disclosing the cognizable offence, an officer in charge of a police station himself is empowered to register the case and investigate the same.In case the report has already been registered as non cognizable report, thereafter, if any information or material is given by any person to the officer in charge disclosing the cognizable offence, he himself is empowered to register the case as cognizable and to investigate the same. There is no requirement of taking permission or order for investigation from the magistrate concerned.

7.Now I deal with issue No. 2. According to the provision of section 155, Cr.P.C. only officer in charge or any police officer of a police station concerned can move an application to obtain the order for investigation from the magistrate concerned of a non cognizable case and there is no legal bar for moving such application by the first informant, Section 155(2) Cr.P.C. also envisages that no police officer shall investigate a non cognizable case without the 'order' of Magistrate, here the word 'order' as

mentioned above, it is relevant to deal with issue No. 2, in the wording of the provision of section 155(2) the word 'without order' is used. Therefore, the order may be passed by the Magistrate concerned on the application of a police officer concerned or on the application of the first informant also. According to the provisions of section 154 Cr.P.C. also the case is registered on the information given to the officer in-charge of a police station, relating to the commission of a cognizable offence. In default, the first informant may move an application under section 156(3) for passing the 'order' for doing investigation, it provides a right to the first informant to move an application on this analogy the first informant is also a competent person to move an application under section 155(2) Cr.P.C.

નામ.સુપ્રિમ કોર્ટે **-Keshav Lal Thakur v. State of Bihar, reported in (1996) 11 SCC 557.** નાં ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

We need not go into the question whether in the facts of the instant case the above view of the High Court is proper or not for the impugned proceeding has got to be quashed as neither the police was entitled to investigate into the offence in question nor the Chief Judicial Magistrate to take cognizance upon the report submitted on completion of such investigation. On the own showing of the police, the offence under Section 31 of the Act is non cognizable and therefore the police could not have registered a case for such an offence under Section 154 Cr. P.C. of course,

the police is entitled to investigate into a non-cognizable offence pursuant to an order of a competent Magistrate under Section 155 (2) Cr. P.C. but, admittedly, no such order was passed in the instant case. That necessarily means, that neither the police could investigate into the offence in question nor submit a report on which the question of taking cognizance could have arisen. While on this point, it may be mentioned that in view of the proviso to Section 2 (d) Cr. P.C., which defines 'complaint', the police is entitled to submit, after investigation, a report a relating to a non-cognizable offence in which case such a report is to be treated as a 'complaint' of the police officer concerned, but that explanation will not be available to the prosecution here as that related to a case where the police initiates investigation into a cognizable offence - unlike the present one - but ultimately finds that only a non-cognizable offence has been made out.

On the conclusions as above we allow this appeal and quash the impugned proceedings.

આ ઉપરાંત Avinash v. State Of Maharashtra, 1983 CRI. L. J. 1833(Bom) નાં ચુકાદામાં પણ ઠરાવેલ છે કે, નોન કોગ્નીઝેબલ ગુનામાં પોલિસ દ્વારા મેજીસ્ટ્રેટનાં ઓર્ડર વિના તપાસ કરવામાં આવેલ હોય તો તે ગેરકાયદેસર ગણાય.

(૧૫) આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદીએ તેની ફરિયાદમાં જ આ કામનાં આરોપી જે બાંધકામ કરતા હતા, તે ૨૦૦ મિટરની અંદર સંરક્ષીત સ્મારકથી

આવેલ હોવાનુ દર્શાવેલ છે. એટલે કે, સંરક્ષિત સ્મારકથી પ્રોહિબીટેડ એરિયા, પ્રોટેક્ટેડ એરિયા કે રેગ્યુલેટેડ એરિયાથી ચોક્કસ કેટલુ દુર આવેલ છે, તે જણાવેલ નથી. ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવા દરમિયાન પણ સારંગપુર દરવાજાથી આરોપી બાંધકામ કરતા હતા, તે કેટલુ દુર છે, તેવી કોઇ માપણી કરેલ હોય કે તેવા કોઇ સંરક્ષિત સ્મારકથી પ્રોહિબિટેડ એરિયા કે રેગ્યુલેટેડ એરિયાનાં નિશાન હોય અને તેની અંદર કહેવાતુ બાંધકામ આવી જતુ હોય તેવુ પુરવાર થયેલ નથી. જ્યાં સુધી આરોપી દ્વારા કરવામાં આવતુ બાંધકામ સંરક્ષિત સ્મારકથી કેટલુ દુર હતુ તેવો સ્પષ્ટ પુરાવો ન આવે, ત્યાં સુધી તે પ્રોહિબીટેડ એરિયામાં હતુ કે પ્રોટેક્ટેડ એરિયામાં હતુ, તેમ ઠરાવી શકાય નહિ. આ કામે મુળ ફરીયાદી સુભાષ મધુસુદન ગાયકવાડ અવસાન પામેલ છે, જેથી ફરીયાદપક્ષે તેને તપાસેલ નથી, પરંતુ ત્યારબાદ પણ અન્ય દસ્તાવેજો ફરીયાદપક્ષ કાયદાની જોગવાઇ મુજબ પુરવાર કરી શકેલ નથી કારણ કે કોઇ દસ્તાવેજ રજુ કરી દેવાથી કે તેને આંક આપવા માત્રથી પુરવાર થયેલો ગણી શકાય નહિ. તે રીતે પણ ફરિયાદ પક્ષ તેનો કેસ પુરવાર કરી શકેલ નથી કે આરોપી દ્વારા સારંગપુર દરવાજા સંરક્ષિત સ્મારકથી કાયદાએ પ્રતિબંધીત કરેલ અંતરની અંદરનાં વિસ્તારમાં પરવાનગી વિના બાંધકામ કરેલ છે. આ ઉપરાંત ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામે પોલીસ દ્વારા તપાસ કરતા પહેલા, સી.આર.પી.સી. કલમ-૧૫૫(૨) મુજબ કોર્ટનો કોઇ હુકમ તપાસ માટે મેળવેલ હોય, તેવો પુરાવો રજુ થયેલ નથી કે તપાસ કરનાર દ્વારા તેના મૌખિક પુરાવામાં પણ જણાવેલ નથી. જેથી સી.આર.પી.સી. કલમ-૧૫૫(૨) નો પણ બાધ નડે છે. તે સંજોગોમાં પણ આરોપીને તેની સામેનાં તહોમત અંગેનાં ગુના સબબ દોષિત ઠરાવી શકાય નહિ. સમગ્ર રીતે ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે તથા સી.આર.પી.સી.કલમ-૧૫૫(૨) મુજબ હકુમત વિના પોલિસ

દ્વારા તપાસ થયેલ છે. જેથી આરોપીને દોષિત ઠરાવી શકાય નહિ, તેમ ઠરાવી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨:–</u>**

**(૧૬)** ઉપરોક્ત કરેલ ચર્ચા, કેસ હકિકત, કાયદાકીય જોગવાઇ અનુસંધાને મુદ્દા નં.૨ અન્વયે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આ ખ રીહુ ક મ

આ કામનાં આરોપી **સહિદાબાનુ વા/ઓફ ફિરોઝમીયા યુસુ મીયા શેખ** નાઓને તેની સામેનાં ધી એન્સીએન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીયોલોજીકલ સાઇટ્સ એન્ડ રિમેન્સ ૨૦૧૦ ની કલમ–૩૦(બી) મુજબનાં ગુના અંગેનાં તહોમતમાંથી સી.આર.પી.સી. કલમ–૨૫૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૬/૦૭/૨૦૨૨

**(સંદિપસિંહ જી.ડોડિયા)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ.
યુનિક કોડ નં. જી.જે.૦૦૯૦૨